સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

જીવનમાં સંપત્તિ ઓછી મળશે તો ચાલશે, બસ સંબંધ એવા કેળવો કે કોઈ એની કિંમત ના આંકી શકે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૪ ● તારીખઃ ૦૨.૦૯.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## SCO સમિટમાં પીએમ મોદીએ આતંકવાદ મુદ્દે પાકિસ્તાનને આડે હાથ લીધું

### આતંકવાદી ઈકોસિસ્ટેમને જડમૂળથી ઉખેડી ફેંકવા નરેન્દ્ર મોદીનું આહ્વાનઃ 'ફેમિલી ફોટો'માંથી ભારતને ક્રોપ કરી પાકિસ્તાન ફરી ટ્રોલ થયું સોશિયલ મીડિયા પર નામોશી બાદ શાહબાઝ શરીફે મૂળ તસવીર રી-પોસ્ટ કરવી પડી

**સમય સંદેશઃ ડેસ્ક**

કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક ખાતે યોજાયેલી ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મંચ પરથી પાકિસ્તાનનું નામ લીધા વિના તેને કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે આતંકવાદને પોતાની નીતિનું સાધન બનાવતા અને આતંકવાદીઓને આશ્રય આપતા દેશોને એ સ્પષ્ટ સંદેશ મળવો જોઈએ કે આતંકવાદ ક્યારેય વ્યુહાત્મક હથિયાર બની શકે






નહીં. આતંકવાદ સામેના બેવડા ધોરણો સામે વાંધો ઉઠાવતા તેમણે ત્રાસવાદી ભંડોળ, કટ્ટરપંથીકરણ અને સલામત આશ્રયસ્થાનોની આખી ઈકોસિસ્ટેમને જડમૂળથી નાબૂદ કરવા ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, તેમણે પ્રાદેશિક સાર્વભૌમત્વનું સન્માન કરીને જ વૈશ્વિક કનેક્ટિવિટી વધારવાની હિમાયત કરી હતી તથા દેશના આર્થિક મોરચે GDP વિકાસ દર ૭.૮ ટકા સુધી પહોંચવા છતાં ભ્રમ ફેલાવતા વિપક્ષી નેતાઓની આકરી


અનુ પાના નં.૨ પર


## બેંક કર્મચારીઓની વિવિધ માંગણીઓને લઈને હડતાળનું આહવાનઃ સપ્ટેમ્બરમાં દેશભરમાં બેંકિંગ સેવાઓ ખોરવાશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

અહેવાલો મુજબ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU)ના આહવાન પર ૧૧ સપ્ટેમ્બરે એક દિવસની અને ૨૮ થી 30 સપ્ટેમ્બર દરમિયાન સતત ત્રણ દિવસ માટે દેશભરમાં બેંક કર્મચારીઓ કામકાજ બંધ રાખશે. જાહેર, ખાનગી, ગ્રામીણ અને સહકારી બેંકોના સાત મુખ્ય યુનિયનોના આ સંયુક્ત ફોરમે ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓનો ઉકેલ નહીં આવે તો ૨૬ ઓક્ટોબર ૨૦૨૬થી દેશવ્યાપી અનિશ્ચિતકાલીન હડતાળ શરૂ કરવામાં આવશે. યુનિયનોએ પ્રમુખ ચાર માંગણીઓ રજૂ કરી છે, જેમાં પાંચ દિવસનું બેંકિંગ વીક લાગુ કરવું, સરકારની પર્ફોર્મન્સ લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ પાછી ખેંચવી, બંને પક્ષોની ચર્ચાથી નવી સ્કીમ તૈયાર કરવી અને અન્ય પડતર પ્રશ્નોનું નિવારણ લાવવાનો સમાવેશ થાય છે. યુનિયનોના જણાવ્યા અનુસાર પાંચ દિવસના વર્કિંગ વીકની માગણી વર્ષોથી પેન્ડિંગ છે. વર્ષ ૨૦૧૫માં બીજા અને ચોથા શનિવારે રજા આપવાનો નિર્ણય લેવાયો હતો, ત્યારબાદ ૮ માર્ચ ૨૦૨૪ના વેજ સેટલમેન્ટ મુજબ કર્મચારીઓ તમામ શનિવારની રજાના બદલામાં સોમવારથી


અનુ પાના નં.૨ પર


## અફઘાનિસ્તાન સામે ટી૨૦ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાનું એલાન, બૂમરાહને સ્થાન પણ ઓલરાઉન્ડર બહાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ૧૩ સપ્ટેમ્બરથી અફઘાનિસ્તાન સામે રમાનારી ઝ૨૦ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાનું એલાન કર્યું છે. ટીમમાં સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને લેવાયો છે તો પરંતુ ફિટ ન હોવાના કારણે ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ટીમમાં સામેલ કરાયો નથી. ઈન્ડિયામાં નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદરના રૂપમાં ચાર ઓલરાઉન્ડર જ્યારે વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈ બે મુખ્ય સ્પિનર છે. ફાસ્ટ બોલિંગમાં અર્શદીપ સિંહ અને હર્ષિત રાણા સાથે જસપ્રીત બુમરાહની પસંદગી કરવામાં આવી છે. ૧૫ વર્ષીય બેટર વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરાયો છે. તે ઉપરાંત અભિષેક શર્મા તો છે જ. આ રીતે ટીમમાં બે યુવા બેટરોને સ્થાન અપાયું છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે દિલ્હીમાં ત્રણ મેચની ઝ૨૦ સીરિઝ રમાશે, જેની યજમાની અફઘાનિસ્તાન કરશે. શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણા.

## ૨૦થી ૨૫ જુલાઈના CJP/વિદ્યાર્થી પ્રદર્શન સાથે જોડાયેલી FIR રદ, સુપ્રીમે કાર્યવાહી-તપાસ બંધ કરવાનો આદેશ આપ્યો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ૨૦ થી ૨૫ જુલાઈ દરમિયાન થયેલા વિરોધ પ્રદર્શનો સંબંધિત કેસોમાં એક મોટો ચુકાદો આપ્યો છે, જેમાં વિરોધીઓ સામે દાખલ કરાયેલી FIR રદ કરવામાં આવી છે. બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કરીને, સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે તેની સમક્ષ સૂચિબદ્ધ તમામ FIR રદ કરવામાં આવે છે. કોર્ટે પાંચ રાજ્યો દ્વારા FIR રદ કરવાની માંગ કરતી અરજીઓ પણ સ્વીકારી.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ૨૦ થી ૨૫ જુલાઈ વચ્ચે બનેલી સમાન ઘટનાઓના સંદર્ભમાં કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં નોંધાયેલી કોઈપણ FIR પર આગળ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં અથવા તપાસ ચાલુ રહેશે નહીં. આવી બધી FIRs બધા હેતુઓ માટે બંધ ગણવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૨૦ થી ૨૬ જુલાઈ વચ્ચે બનેલી ઘટનાઓના સંદર્ભમાં કોઈ નવી ત્રંઈછ નોંધવા નહીં તેવો નિર્દેશ આપ્યો હતો. જોકે, કોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી અરજીમાં નામ આપવામાં આવેલા ૨,૮૭૩ વ્યક્તિઓ સામે નવી FIR દાખલ કરવાની સ્વતંત્રતા આપી હતી. જો તપાસમાં બે ગુનાઓમાં તેમની સંડોવણી બહાર આવે, તો તેમની સામે નવી FIR દાખલ કરી શકાય છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ ૨,૮૭૩ વ્યક્તિઓ સામે દાખલ કરાયેલી કોઈપણ નવી FIR કાનૂની ઉપાયો મેળવવાના તેમના અધિકારને અસર કરશે નહીં. તેઓ કાયદા હેઠળ ઉપલબ્ધ રાહત માટે કોર્ટનો સંપર્ક કરી શકશે. સુપ્રીમ કોર્ટે વિરોધ-સંબંધિત કેસો માટે રાષ્ટ્રવ્યાપી વળતર પ્રણાલી બનાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પરામર્શ કરીને વળતર માટે એક માળખું વિકસાવવું પડશે.


અનુ પાના નં.૨ પર


## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ટોચના વહીવટી સ્તરે મહત્વપૂર્ણ બદલાવઃ સુમન રે નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત

**સમય સંદેશઃ નવીદિલ્હી**


ભારતીય નાણાકીય ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થા એવી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે તાત્કાલિક અસરથી સુમન રેની નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બઢતી પહેલા તેઓ મહારાષ્ટ્ર રાજ્યના પ્રાદેશિક ડિરેક્ટર તરીકે કાર્યરત હતા. પોતાની નવી ભૂમિકામાં તેઓ 'ડિપોઝિટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન' અને 'પ્રિમીસીસ વિભાગ'ની દેખરેખ અને સંચાલનની જવાબદારી સંભાળશે. સેન્ટ્રલ બેંકમાં 30 વર્ષથી વધુનો દીર્ઘ વહીવટી અનુભવ ધરાવતા સુમન રેએ કરન્સી મેનેજમેન્ટ, નાણાકીય સમાવેશ, પેમેન્ટ સિસ્ટમ અને માનવ સંસાધન જેવા અતિ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં મોટું યોગદાન આપ્યું છે.

આરબીઆઈ દ્વારા પોતાના સંચાલન મંડળને અનુભવી અધિકારીઓથી સજ્જ કરવાની પ્રક્રિયાના ભાગરૂપે ગયા મહિને મોનિષા ચક્રવર્તીને પણ


અનુ પાના નં.૨ પર


## અભિનેતા દીપક તિજોરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કરી મુલાકાતઃ ગુજરાતી ફિલ્મો માટે સ્ક્રીન ફાળવણીનો મુદ્દો ઉઠાવ્યો





**સમય સંદેશઃ ગાંધીનગર**

બોલિવૂડ અભિનેતા અને ફિલ્મ મેકર દીપક તિજોરીએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ખાસ મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન તેમણે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સતાવતા વિવિધ પ્રશ્નો અને પ્રાદેશિક સિનેમાના વિકાસ અંગે વિગતવાર રજૂઆત કરી હતી. તેમણે ખાસ કરીને રાજ્યના મલ્ટિપ્લેક્સ અને થિયેટરોમાં ગુજરાતી ફિલ્મોને યોગ્ય શો અને સ્ક્રીન ન મળતી હોવાનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. ગુજરાતી ફિલ્મો દર્શકો સુધી પહોંચી શકે અને નિર્માતાઓને યોગ્ય તક મળે તે માટે દરેક થિયેટરમાં 'ગમે તે હિસાબે ઓછામાં ઓછી એક સ્ક્રીન' ગુજરાતી ફિલ્મો માટે ફાળવવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની માગ કરી હતી. રજૂઆત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતી ફિલ્મોને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળતો હોવા છતાં ઘણી વખત મોટી હિન્દી કે અન્ય ભાષાની ફિલ્મો આવતાં જ ગુજરાતી ફિલ્મોને થિયેટરોમાંથી ઉતારી દેવામાં આવે છે. આનાથી ગુજરાતી ફિલ્મના નિર્માતાઓ, કલાકારો અને સમગ્ર ઈન્ડસ્ટ્રીને મોટું આર્થિક નુકસાન વેઠવું પડે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે મહારાષ્ટ્ર મોડેલની જેમ ગુજરાતમાં પણ સ્થાનિક ભાષાની ફિલ્મો માટે ખાસ નીતિ અને નિયમો બનાવવાની માંગ કરાઈ હતી, જેથી


અનુ પાના નં.૨ પર


## જામનગરમાં બે નિરાધાર બાળકોને દત્તક વિધાનથી માતા-પિતા મળ્યા

### કલેક્ટર પી.બી. પંડ્યાએ રાજસ્થાનના દંપતીઓને સંતાનો સોંપ્યા; કારા સંસ્થા દ્વારા કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પી.બી. પંડ્યાના હસ્તે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં ઉછરી રહેલા બે નિરાધાર બાળકોને રાજસ્થાનના નિઃસંતાન દંપતીઓને દત્તક સોંપવામાં આવ્યા હતા. સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તમામ જરૂરી કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ આ દત્તક વિધાન પ્રક્રિયા હાથ



તસવીરઃ હિરેન ગાંધી

ધરવામાં આવી હતી. આ ઘટનાથી રાજસ્થાનના બંને દંપતીઓને સંતાન સુખ પ્રાપ્ત થયું છે અને તેમનો પરિવાર પૂર્ણ થયો છે.

લાંબી કાનૂની પ્રક્રિયા બાદ બાળકની સોંપણી થતાં દંપતીઓએ ભારે ભાવુક બની વહીવટી તંત્ર અને સંસ્થાનો આભાર માન્યો હતો. ૩ વર્ષ પહેલા નોંધણી કરાવનાર એક વાલીએ જણાવ્યું હતું કે, સ્થાનિક


અનુ પાના નં.૨ પર


## જાણીતા બિલ્ડર મેરામણ પરમારના આપઘાત પ્રકરણમાં માલેતુજાર આરોપીઓ ઉતર્યા ભુગર્ભમાં

### ગાંધીનગર એલસીબી દ્વારા ૧૧ શખ્સોની ધરપકડ માટે જામનગરમાં તપાસ કરાતા કોઈ હાથ ન લાગ્યું : મોટા ગજાના વ્યાજખોર આરોપીઓ રાજકીય પીઠબળને લીધે અન્ડરગ્રાઉન્ડ થયાની ચર્ચા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને અમદાવાદમાં રીઅલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા જાણીતા બિલ્ડર મેરામણ પરમારે વ્યાજખોરોના અતિશય માનસિક ત્રાસ તેમજ મિલકતો હડપ કરી લેવાના ષડયંત્રથી કંટાળીને આપઘાત કરી લીધાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ચર્ચાસ્પદ બનાવ અંગે મૃતકના પુત્ર દેવ પરમારે ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનમાં જામનગરના ૧૧ વગદાર શખ્સો સામે આપઘાતની દુષ્પ્રેરણા અને કરોડો રૂપિયાની મિલકતો પચાવી પાડવા અંગે દોઢ વર્ષ બાદ વિધિવત ગુનો દાખલ કરાવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગાંધીનગર નજીક થયેલા મોતને પ્રારંભિક તબક્કે કુદરતી મોત ગણાવવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરમાં સુસાઈડ નોટ સહિતના પુરાવાઓ હાથ લાગતાં મૃતકના પુત્રએ જામનગરના એરોડ્રામ રોડ પર રહેતા ભીખુભા હરીસિંહ



વાઢેર, તેમના પરિવારજનો તેમજ પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ દોમડિયા સહિત કુલ ૧૧ શખ્સો સામે ચોંકાવનારા આક્ષેપો કર્યા છે.

આરોપીઓએ નાણાકીય રોકાણ અને સિક્યોરિટી પેટે જામનગરની મોંઘી જમીનો, સ્કૂલનો હિસ્સો તથા ૨૮થી વધુ પ્રોપર્ટીઓ (અંદાજે રૂ. ૧૫૩ કરોડથી વધુની મિલકત) પોતાના નામે ટ્રાન્સફર કરાવી પચાવી પાડી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ ફરીયાદ નોંધાતાં જ જામનગરનો રાજકીય અને સામાજિક વગ ધરાવતો વાઢેર તેમજ દોમડિયા પરિવાર ધરપકડના ડરથી ભૂગર્ભમાં ઉતરી ગયો છે. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ગાંધીનગર કઈઇની ટીમે જામનગરમાં ધામા નાખીને આરોપીઓને ઝડપી પાડવા જુદી જુદી જગ્યાએ દરોડા પાડવાના શરૂ કર્યા છે. હાલ પોલીસ દ્વારા કરોડો રૂપિયાની જમીનના દસ્તાવેજો, સિક્યોરિટી પેપર્સ અને નાણાકીય વ્યવહારો અંગે ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

## જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૪૪.૮૪ લાખના વિવિધ વિકાસ કામોને મંજૂરી

### ૫ નવા ઝડઈઈ બિલ્ડિંગને સૈદ્ધાંતિક મંજૂરી, શ્રાવણી મેળાની વ્યવસ્થા અને ગણેશ વિસર્જન કુંડ માટે કરોડોના ખર્ચ મંજૂર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન ધીરેનકુમાર પી. મોનાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, મ્યુનિસિપલ કમિશનર દિપેશ કેડિયા તથા સિટી એન્જિનિયર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં કુલ ૧૨ સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં જામનગર શહેરના જનહિત અને સુવિધા લક્ષી વિવિધ વિકાસ કામો માટે કુલ રૂ. ૪૪.૮૪ લાખના અંદાજિત ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જે અંતર્ગત જી.આઈ.ડી.સી., કામદાર કોલોની, પાણાખાણ, બેડી બંદર અને ગોમતીપુર સહિત પાંચ સ્થળોએ નવા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર (ઝડઈઈ) ના બિલ્ડિંગ બનાવવા માટેની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.




તસવીરઃ હિરેન ગાંધી

બેઠકમાં શ્રાવણી મેળા-૨૦૨૬ અન્વયે પ્રદર્શન ગ્રાઉન્ડ તથા પાર્કિંગ ગ્રાઉન્ડ ખાતે પોલ, ગાળા, કેબલિંગ અને મેઈન્ટેનન્સ માટે રૂ. ૭.૯૫ લાખ તેમજ લાઈટિંગ અને ડેકોરેશન કામગીરી માટે રૂ. ૬.૬૬ લાખના ખર્ચને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી શ્રી ગણેશ મહોત્સવ-૨૦૨૬ને ધ્યાને રાખીને શહેરમાં રણજીતસાગર રોડ પર સરદાર રિવિરા અને ખંભાળીયા રોડ પર લહેર તળાવ પાસે ટેમ્પરરી ગણેશ વિસર્જન કુંડ બનાવવા માટે રૂ. ૨૯.૬૩ લાખની ખર્ચની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.


## તંત્રી સ્થાનેથી..

## હવે ભારતનો સમય !

અમેરિકાની જીપીએસ સહિત વિદેશી સેટેલાઈટ આધારિત ટાઈમિંગ સ્રોતનો ઉપયોગ અવિરત થાય છે, પરંતુ તે ખરાબ છે એવું નથી. જીપીએસ અત્યંત ચોક્કસ અને વિશ્વસનીય વ્યવસ્થા છે, પરંતુ કોઈ દેશની બેન્કિંગ, સંરક્ષણ, વીજળી, સંચાર અને ડિજિટલ માળખાની ઘડિયાળ બીજા દેશના સેટેલાઈટ પર નિર્ભર હોય તે વ્યૂહાત્મક દૃષ્ટિએ આદર્શ સ્થિતિ નથી. યુદ્ધ કે ગંભીર આંતરરાષ્ટ્રીય સંઘર્ષ દરમિયાન સેટેલાઈટ સિગ્નલમાં અવરોધ આવે, જામિંગ થાય, સ્પૂફિંગ દ્વારા નકલી સિગ્નલ મોકલવામાં આવે કે કોઈ અન્ય કારણસર સ્રોત ઉપલબ્ધ ન રહે તો સમય જેવી મૂળભૂત વસ્તુ પણ જોખમ બની શકે છે. સરકાર આ વિદેશી નિર્ભરતા ઘટાડવા માગે છે. ભારત પાસે પોતાનો સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ 'નાવિક' છે. નવા નિયમોમાં નાવિક, સીએસઆઈઆર-નેશનલ ફિઝિકલ લેબોરેટરી, રિજનલ રેફરન્સ સ્ટાન્ડર્ડ લેબોરેટરી અને અન્ય અધિકૃત ભારતીય ટાઈમિંગ સ્રોતને રાષ્ટ્રીય સમય પહોંચાડવાની વ્યવસ્થામાં સ્થાન આપવામાં આવ્યું છે. દેશનો મૂળ આઈએસટી નેશનલ ફિઝિકલ લેબોરેટરી દ્વારા જાળવવામાં આવશે. આઈએસટી આંતરરાષ્ટ્રીય પ્રમાણભૂત સમય યુટીસી કરતાં પાંચ કલાક અને ત્રીસ મિનિટ આગળ છે. આ માટે અમદાવાદ, બેંગલુરુ, ભુવનેશ્વર, ફરીદાબાદ અને ગુવાહાટી ખાતે પાંચ રિજનલ રેફરન્સ સ્ટાન્ડર્ડ લેબોરેટરીમાં અતિચોક્કસ એટોમિક ક્લોક આધારિત માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. સરકારનો હેતુ દેશભરમાં મિલીસેકન્ડથી માઈક્રોસેકન્ડ સ્તરની ચોકસાઈ સાથે એક જ પ્રમાણભૂત સમય પહોંચાડવાનો છે. બેંગલુરુમાં જુલાઈમાં 'વ્હાઈટ રેબિટ ટેક્નોલોજી' આધારિત પ્રયોગ પણ શરૂ કરવામાં આવ્યો. વ્હાઈટ રેબિટ એવી ટેક્નોલોજી છે જે જુદી જુદી જગ્યાએ આવેલી કમ્પ્યુટર અને નેટવર્ક સિસ્ટમોની ઘડિયાળ અત્યંત ચોક્કસ રીતે એકબીજા સાથે મિલાવી શકે છે. નિયમોનો સૌથી નોંધપાત્ર ભાગ સાયબર સુરક્ષા છે. સંરક્ષણ, પાવર ગ્રીડ, બેન્કિંગ, ટેલિકોમ, પરિવહન, પ્રસારણ અને ડેટા સેન્ટર જેવા મહત્ત્વના ક્ષેત્રોએ એક જ સમય સ્રોત પર આધારિત રહેવાનું નહીં હોય. તેમણે બેકઅપ ટાઈમ સિન્ક્રોનાઈઝેશન વ્યવસ્થા રાખવી પડશે. જીપીએસ સહિતના ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ આધારિત ઉપકરણોમાં પણ નાવિક અથવા સરકાર માન્ય ભારતીય સ્રોતમાંથી ઓછામાં ઓછો એક સમય સંદર્ભ લેવો પડશે. જામિંગ, સ્પૂફિંગ કે સાયબર હુમલો થાય ત્યારે આખી વ્યવસ્થાની ઘડિયાળ ખોરવાઈ ન જાય તે માટે કન્ટિન્જન્સી પ્લાન પણ રાખવો પડશે.



# હાલારના હાલહવાલ



# જામખંભાળિયામાં 'આપ'ના અચોક્કસ મુદતના સત્યાગ્રહઃ હજારો ખેડૂતો છાવણી સ્થળે પહોંચ્યા

## ચોમાસું પાક નિષ્ફળ જતાં પાણીના અભાવે ખેડૂતોની સ્થિતિ દયનીય બનશેઃ ઈસુદાન ગઢવી

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખેડૂતોને લગતા વિવિધ પ્રશ્નો તેમજ સમગ્ર વિસ્તારને ત્વરિત દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની મુખ્ય માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા ખંભાળિયા ખાતે શરૂ કરવામાં આવેલું અચોક્કસ મુદતનું ઉપવાસ આંદોલન આજે ચોથા દિવસમાં પ્રવેશ્યું છે. આપના પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવીના આ સત્યાગ્રહ આંદોલનમાં દેવભૂમિ દ્વારકા ઉપરાંત જામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, પંચમહાલ, નર્મદા, ભરૂચ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી વિશાળ સંખ્યામાં ખેડૂતો ખંભાળિયા સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચીને પોતાનું સમર્થન આપી રહ્યા છે.




ઉપવાસ આંદોલન દરમિયાન ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે પૂરતો વરસાદ ન થવાથી ચોમાસું પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. પાણીના અભાવે આગામી શિયાળુ અને ઉનાળુ પાક લેવો શક્ય ન હોઈ, ખેડૂતોની સ્થિતિ આગામી ૧૫ મહિના સુધી અત્યંત દયનીય બની જશે. તેમણે સરકારને અપીલ કરતા માંગ કરી હતી કે આગામી કેબિનેટ મીટિંગમાં હકારાત્મક નિર્ણય લઈ તુરંત સમગ્ર વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે, ખેડૂતોના ખાતામાં સહાયની રકમ જમા કરાવવામાં આવે અને સિંચાઈ માટે તાત્કાલિક પાણી છોડવામાં આવે. બીજી તરફ, સૌરાષ્ટ્રમાં વરસાદની ખેંચને દૂર કરવા અને વરુણદેવને રીઝવવા માટે ખંભાળિયા તાલુકાના જુવાનગઢ ગામે ગ્રામજનો દ્વારા ખાસ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે આપ નેતા ઈસુદાન ગઢવી અને પ્રવીણ રામે હાજરી આપી હતી અને આહુતિ આપીને ભગવાન ખેડૂતો પર મહેરબાની કરે તથા વહેલી તકે સારો વરસાદ વરસે તેવી પ્રાર્થના કરી હતી.

# જી.જી.હોસ્પિટલમાં ઓર્થોપેડિક ઓપીડીનું સ્થળાંતર : કેશ-દવાબારીમાં વધારો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની જી.જી. સરકારી હોસ્પિટલ ખાતે દર્દીલક્ષી સેવાઓને વધુ સુદૃઢ બનાવવા તેમજ હોસ્પિટલ પરિસરમાં દર્દીઓની ભીડ નિયંત્રિત કરવાના હેતુથી ઓર્થોપેડિક (હાડકાં) વિભાગની ઓ.પી.ડી.નું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નવી વ્યવસ્થા મુજબ ઓર્થોપેડિક વિભાગની ઓ.પી.ડી., કેશબારી તથા દવાબારી હવે ગ્રાઉન્ડ ફ્લોર, જૂની કોલેજ બિલ્ડીંગ (જૂના ફોરેન્સિક મેડીસીન



વિભાગ, જૂની કેન્ટીન સામે) ખાતે શરૂ કરવામાં આવી છે, જેનો સમય સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ સાથે જ દર્દીઓની સુગમતા માટે કેશબારી અને દવાબારીની સંખ્યામાં પણ વધારો કરાયો છે. આ ઉપરાંત અન્ય વિભાગોની વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જે મુજબ સ્કિન, માનસિક અને કેન્સર ઓ.પી.ડી.ની કેશબારી હવે ગ્રાઉન્ડ ફ્લોર, ૭૦૦ પથારી બિલ્ડીંગ ખાતે કાર્યરત રહેશે. જ્યારે ઈ.એન.ટી. (કાન-નાક-ગળું) વિભાગ અને આંખ વિભાગની કેશબારી તથા દવાબારી પહેલા માળે, જૂની ઓ.પી.ડી. બિલ્ડીંગમાં ઈ.એન.ટી. વિભાગ પાસે રાખવામાં આવી છે. આથી સંબંધિત વિભાગોમાં સારવાર અર્થે આવતા તમામ દર્દીઓને જૂની ઓ.પી.ડી. બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરને બદલે નવી નિયત કરાયેલી જગ્યાએ જવા જી.જી. હોસ્પિટલના તબીબી અધિક્ષક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉત્તરાખંડમાં રાહુલ ગાંધી સામે નોંધાયેલી FIRના વિરોધમાં જામનગર શહેર કોંગ્રેસ દ્વારા રોષપૂર્ણ વિરોધ માર્ચ યોજાઈ



**સમય સંદેશઃ જામનગર**

ઉત્તરાખંડ પોલીસ દ્વારા દેશના નેતા રાહુલ ગાંધી સામે નોંધવામાં આવેલી એફઆઈઆરના વિરોધમાં જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ જામનગરના ટાઉન હોલ સ્થિત શહેર કોંગ્રેસ કાર્યાલયથી મહાત્મા ગાંધીજીના બાવલા સુધી વિરોધ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પક્ષે આક્ષેપ કર્યો છે કે આરએસએસ અને ભારતીય જનતા પાર્ટીના ઈશારે બંધારણીય મૂલ્યોનું હનન કરીને રાહુલ ગાંધી પર ખોટી રીતે કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, જે લોકશાહી સામે મોટો ખતરો છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ ભાજપ સરકાર સામે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રમુખ દિગુભા જાડેજાએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર વિપક્ષનો અવાજ દબાવવા માટે પોલીસ તંત્રનો રાજકીય દુરુપયોગ કરી રહી છે. ભાજપ અને આરએસએસ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી પાસે માફી માંગવાના વલણ સામે પણ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ તકે 'બંધારણ બચાવો - લોકશાહી બચાવો'ના નારા સાથે રાહુલ ગાંધી સામેની ખોટી ફરિયાદ તાત્કાલિક અસરથી પાછી ખેંચવાની માંગ કરવામાં આવી હતી.

# પોસ્ટ ખાતાની ઉચાપતના પ્રકરણમાં તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની મુખ્ય ટપાલ કચેરી સહિત ચાંદીબજાર, મેડિકલ કેમ્પસ અને હવાઈ ચોક શાખામાં આશરે ૧૦ જેટલા ખાતાઓમાં થયેલા લાખો રૂપિયાના શંકાસ્પદ નાણાંકિય વ્યવહારો મામલે સાયબર ક્રાઇમ પોલીસે તપાસ ગતિમાન કરી છે. ટપાલ વિભાગ પાસેથી મેળવેલા દસ્તાવેજો અને પ્રાથમિક પૂછપરછના આધારે આ સમગ્ર પ્રકરણમાં ગુનાઇત પ્રવૃત્તિ થઈ હોવાનું મજબૂત તારણ સામે આવ્યું છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે ટપાલ વિભાગના કર્મચારી આફતાબ માડકિયાએ પોતાના સગા-સંબંધીઓ અને પરિચિતોના નામે ખાતા ખોલાવી ટૂંકા સમયગાળામાં સાયબર ફ્રોડની રકમના મોટા પાયે વ્યવહારો કર્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી ટપાલકર્મીએ વિભાગના નિયમોનો અનાદર કરીને ખાતાધારકોના ફોર્મમાં પોતાનો જ મોબાઈલ નંબર નોંધાવ્યો હતો, જેથી તમામ ઓનલાઈન કે નાણાંકિય વ્યવહારો પર પોતે જ સીધો કાબૂ રાખી શકે. આ કૌભાંડ માત્ર એક શાખા પૂરતું સીમિત ન રહેતા શહેરની અન્ય ટપાલ કચેરીઓમાં પણ આ જ કર્મચારી દ્વારા આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. હાલમાં પૂછપરછ દરમિયાન કેટલાક સંબંધિત ખાતાધારકો મળી આવ્યા નથી, જેના પરથી આ ખાતાઓનો ઉપયોગ માત્ર ગેરકાયદેસર નાણાંની હેરફેર માટે જ થતો હોવાની શંકા દ્રઢ બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આશરે દોઢ વર્ષ પહેલા બેંગ્લોર પોલીસમાં નોંધાયેલા સાયબર ફ્રોડના કેસની તપાસમાં પણ જામનગરની મુખ્ય ટપાલ કચેરીના ખાતાનો ઉપયોગ થયાનું ખુલ્યું હતું. તે સમયે વિભાગ દ્વારા ખાતાકીય તપાસના નામે મરણ પ્રમાણપત્ર રજૂ કરવા સહિતની શંકાસ્પદ કામગીરી કરીને સમગ્ર કૌભાંડ પર ઢાંકપીછોડો કરવાનો પ્રયાસ કરાયો હતો અને માત્ર બદલી કરીને સંતોષ મનાયો હતો. હાલ સાયબર ક્રાઇમ પોલીસે તમામ શાખાઓના દસ્તાવેજો કબજે કરી મૂળ ભેજાબાજ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર મહાનગર પાલિકા દ્વારા ટાવર પાસેના રાજાશાહી કૂવાની સઘન સફાઈ કામગીરી કરાઈ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરની સૂચના મુજબ આસિસ્ટન્ટ કમિશનર વરણવા દ્વારા હાથ ધરવામાં આવેલા સ્થળ રાઉન્ડ દરમિયાન, પંચેશ્વર ટાવર પાસે આવેલ ગૌરીશંકર મહાદેવ મંદિરની બાજુમાં આવેલા ઐતિહાસિક રાજાશાહી કૂવામાં ઘણા લાંબા સમયથી કચરો ભરાયેલો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જેસીબી અને ટ્રેક્ટર સહિતની મશીનરી તૈનાત કરી કૂવામાંથી કચરો બહાર કાઢવાની કામગીરી પૂર્ણ ઝડપથી હાથ ધરવામાં આવી છે, જેથી આ રાજાશાહી કૂવો સ્વચ્છ બની રહે.

# અનુસંધાન

## પાંચ મહિલા સહિત ૩૭

(પાના નં. ૪ થી આગળ)

જ્યારે જયપાલસિંહ હાફુભા જાડેજા, જયપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, પ્રહલાદસિંહ જાડેજા અને હનુભા જાડેજા ભાગી છૂટ્યા હતા. બેડેશ્વર વિસ્તારમાંથી સિટી બી ડિવિઝન પોલીસે દિનેશકુમાર ગૌડ, રોકી રાજપુત, ગીરીરાજ સોની, રમેશકુમાર ગૌડ, કુલદીપ રાજપુત અને ઈરસાદખાન પઠાણને રૂ. ૧૦,૧૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

## સોના-ચાંદીના દાગીના

(પાના નં. ૪ થી આગળ)

ચમકાવી આપવાની લાલચ આપતા હતા. ત્યારબાદ મહિલાઓનો વિશ્વાસ જીતીને ચાંદી અને સોનાના દાગીના સાફ કરવાના નામે પોતાની પાસે રહેલા એસિડ અને ખાસ રસાયણોની મદદથી ચોક્કસ પ્રક્રિયા કરી દાગીનામાંથી ચાંદી અને સોનું કાઢી લઈને ચોરી આચરતા હતા.

આ સફળ કામગીરી એલ.સી.બી. ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોષી, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એમ.આર. સવસેટા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવી હતી. આ બનાવના પગલે જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, ઘરે ફિનાઈલ કે દાગીના સાફ કરવાના બહાને આવતા કોઈપણ અજાણ્યા કે પરપ્રાંતિય શખ્સોની લાલચમાં ન આવવું, તેમના પર વિશ્વાસ ન મૂકવો અને કોઈ શંકાસ્પદ જણાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસનો સંપર્ક સાધવો.

## પરપડામાં જન્મ વધામણા

(પાના નં. ૪ થી આગળ)

અને ત્યારબાદ ભાવિકો માટે રાત્રે ૨:૩૦ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે. બીજા દિવસે શનિવારે પારણા નોમ નિમિત્તે સવારે ૭:૦૦ વાગ્યે શૃંગાર આરતી અને ૧૦:૦૦ વાગ્યે રાજભોગ ધરાવાશે, જ્યારે સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી દર્શન બંધ રહેશે અને સાંજે ૬:૦૦ થી ૭:૦૦ દરમિયાન બંધ પડદે અભિષેક યોજાશે.

બીજી તરફ ધ્રોલ ખાતે પણ હિન્દુ સેનાના ઉપક્રમે આગામી તા. ૦૪ સપ્ટેમ્બરે જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા સવારે ૯:૦૦ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર પાસે આવેલા વૈષ્ણવોની હવેલી ખાતેથી પ્રસ્થાન કરી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. આ ધાર્મિક પ્રસંગે કૃષ્ણભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જગતમંદિરે દેશ-વિદેશથી ઉમટી પડનારા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધા માટે તંત્ર દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જન્માષ્ટમીના પાવન પર્વને લઈને દ્વારકા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ધાર્મિક અને ભક્તિમય માહોલ છવાઈ ગયો છે.

## કેબલની ચોરી

(પાના નં. ૪ થી આગળ)

ચોરીના કોપર કેબલ વાયર ઉપરાંત રૂપિયા ૪ લાખની કંપનીનું ટાટા આઈસર વાહન, મોબાઈલ ફોન વિગેરે મળી, કુલ રૂ. ૫,૮૦,૧૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આગળની કાર્યવાહી કરી હતી.

## મનપાની ફૂડ શાખા

(પાના નં. ૩ થી આગળ)

૧૩૯ સેમ્પલ લઈને ઢીંચડા ખાતેની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલ્યા હતા, જ્યારે ૭ નમૂના વધુ ટેસ્ટિંગ માટે વડોદરા મોકલવામાં આવ્યા છે. અગાઉ લેવાયેલા નમૂનાઓ પૈકી એક ડેરીમાંથી દહીંનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતાં અને અન્ય એક જગ્યાએ લાયસન્સ વગર ધંધો આચરવામાં આવતો હોવાનું ખુલતાં એડજ્યુડિકેટિંગ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, વેપારીઓને વાસી કે ખરાબ તેલનો નિકાલ કરવા, સ્વચ્છતા જાળવવા, ચીઝ, બટર અને પનીરના બિલ ફાઈલ પર રાખવા તેમજ ૠજજઅઈ રજિસ્ટ્રેશન બોર્ડ પ્રદર્શિત કરવા આદેશ આપવામાં આવ્યા છે. મનપાની ટીમે શહેરની અલગ-અલગ શાળાઓ અને તેની આસપાસના ખાણી-પીણીના સ્થળો પર પણ તપાસ ચલાવીને પાણી અને ખાદ્ય પદાર્થોના સેમ્પલ મેળવ્યા હતા. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ નિયમભંગ કરનારાઓ સામે ૠજજઅઈ એક્ટ હેઠળ વધુ આકરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ મનપાના આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## જામનગરમાં ફ્લાયઓવર

(પાના નં. ૩ થી આગળ)

ત્વરિત કાર્યવાહી કરીને આરોપી માતા હવાબેન અને પુત્ર અમન ઘાચી બંનેની ધરપકડ કરી લીધી હતી. આ ચર્ચાસ્પદ હત્યા કેસમાં ગુનાની વધુ તપાસ અને ઊંડાણપૂર્વકની પૂછપરછ માટે પોલીસ દ્વારા બંને આરોપીઓને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## નાગેશ્વર રોડ પર

(પાના નં. ૩ થી આગળ)

ક્રોસ કરતા રાહદારીઓ તેમજ વાહનચાલકોને સામેના ટ્રાફિકનો યોગ્ય અંદાજ મળતો નથી, જેના પરિણામે આ માર્ગ પર અકસ્માતનું જોખમ સતત તોળાતું રહે છે.

અગાઉ પણ આ સ્થળે ગ્રીન ડિવાઈડરના કારણે સર્જાતી અકસ્માતની સમસ્યા અંગે અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવાયા નથી. તંત્રની આ નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ માંગ કરી છે કે માર્ગ સુરક્ષા માટે જોખમી બનેલા ગ્રીન ડિવાઈડરના ઊંચા હાઈલાઈટરોને તાત્કાલિક દૂર કરવામાં આવે અને રોડની બંને તરફનો ટ્રાફિક સ્પષ્ટપણે જોઈ શકાય તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી ભવિષ્યમાં વધુ કોઈ નિર્દોષનો જીવ ન જાય.

## માતા-પિતા મળ્યા

(પાના નં. ૧ થી આગળ)

તંત્ર અને બાળ સુરક્ષા સમિતિના સાતત્યપૂર્ણ સહકારના કારણે આજે તેમના જીવનમાં અપાર આનંદ આવ્યો છે. વાલીઓએ ભાવુક બનીને દરેક નિરાધાર બાળકને યોગ્ય માતા-પિતા અને હૂંફાળું ઘર મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી તથા આ દત્તક પ્રક્રિયાને નિરાધાર બાળકો અને નિઃસંતાન દંપતીઓ માટે આશીર્વાદરૂપ ગણાવી હતી.

આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રના વિવિધ ઉચ્ચ અધિકારીઓ અને બાળ કલ્યાણ સમિતિના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી હસમુખભાઈ એમ. રામાણી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે. શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિનભાઈ ભોજાણી તેમજ દત્તક સંસ્થાના મેનેજર ઉર્વીબેન સીતાપરા સહિતના કર્મચારીઓએ હાજર રહી બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## આતંકવાદ મુદ્દે

(પાના નં. ૧ થી આગળ)

ટીકા કરી હતી. બીજી તરફ, આ જ સમિટ દરમિયાન પાકિસ્તાનની એક મોટી બાળબુદ્ધિ વૈશ્વિક મંચ પર છતી થઈ હતી. સભ્ય દેશોના વડાઓના પરંપરાગત ''ફેમિલી ફોટો'' સેશન પછી પાકિસ્તાન પ્રાઇમ મિનિસ્ટર ઓફિસ (PMO) દ્વારા સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઈરાન અને બેલારૂસના નેતાઓ તેમજ જઈધના લોગોને ક્રોપ કરીને (કાપીને) હટાવી દેવાયા હતા.

શાહબાઝ શરીફને કેન્દ્રમાં દર્શાવવાના આ નબળા પ્રયાસ સામે યુઝર્સે ભારતીય વડાપ્રધાન દ્વારા પોસ્ટ કરાયેલી મૂળ તસવીર મૂકીને પાકિસ્તાન સરકારની સખત મજાક ઉડાવી હતી. ભારે ડિજિટલ ફજેતી અને ટ્રોલિંગ થતાં આખરે ડેમેજ કંટ્રોલ કરવા માટે પાકિસ્તાની વડાપ્રધાને પોતે તમામ નેતાઓ ધરાવતી મૂળ તસવીર ફરીથી ટ્વીટ કરવી પડી હતી.

## બેંકિંગ સેવાઓ

(પાના નં. ૧ થી આગળ)

શુક્રવાર સુધી રોજ ૪૦ મિનિટ વધારાનું કામ કરવા પણ સંમત થયા હતા. આ કરારની ભલામણ બે વર્ષથી વધુ સમયથી નાણા મંત્રાલય સમક્ષ મંજૂરી અર્થે અટકેલી છે. આરબીઆઈ, એલઆઈસી અને નાબાર્ડ જેવી સંસ્થાઓમાં પહેલેથી જ પાંચ દિવસનું વર્કિંગ વીક અમલમાં હોવાથી બેંક કર્મચારીઓ પણ આ વ્યવસ્થા ત્વરિત લાગુ કરવાની માંગ કરી રહ્યા છે.

## સુપ્રીમે કાર્યવાહી-તપાસ

(પાના નં. ૧ થી આગળ)

કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ માળખાને નિયમિત વળતર પદ્ધતિ તરીકે અપનાવશે. વધુમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને NEET ૨૦૨૬ સંબંધિત આત્મહત્યા માટે ત્રણ મહિનાની અંદર વળતર આપવાનો નિર્દેશ આપ્યો હતો. સીજેપીના પ્રવક્તાએ સુપ્રીમ કોર્ટના નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો. આ નિર્ણયને ઐતિહાસિક ગણાવતા તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટે આજે જે કર્યું છે તે અત્યંત મહત્વપૂર્ણ છે.

## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(પાના નં. ૧ થી આગળ)

એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પ્રોમોટ કરવામાં આવ્યા હતા. દિલ્હી યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં માસ્ટર્સની ડિગ્રી ધરાવતા મોનિષા ચક્રવર્તી હાલમાં ફોરેન એક્સચેન્જ ડિપાર્ટમેન્ટ અને ફાઇનાન્શિયલ માર્કેટ્સ રેગ્યુલેશન ડિપાર્ટમેન્ટની કામગીરી સંભાળી રહ્યા છે. ED તરીકે બઢતી મળ્યા પહેલાં તેઓ સુપરવિઝન ડિપાર્ટમેન્ટના ચીફ જનરલ મેનેજર-ઈન-ચાર્જ તરીકે સેવા આપી ચૂક્યા છે અને બેંકિંગ લોકપાલ તરીકે પણ કાર્ય કરી ચૂક્યા છે. આ શ્રેણીમાં અગાઉ જુલાઈ મહિનામાં આંકડાશાસ્ત્રના નિષ્ણાત રવિ શંકરની પણ નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી.

## અભિનેતા દીપક તિજોરી

(પાના નં. ૧ થી આગળ)

થિયેટર માલિકોને આર્થિક નુકસાન ન થાય અને સ્થાનિક ફિલ્મોને પણ ન્યાય મળે. આ ઉપરાંત, દીપક તિજોરીએ ગુજરાતી સિનેમાના કન્ટેન્ટ અને પ્રોડક્શન સ્ટાન્ડર્ડને વૈશ્વિક સ્તરે પહોંચાડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, જો રાજ્ય સરકાર તરફથી પ્રોત્સાહક નીતિ અને યોગ્ય સહકાર મળે તો નિર્માતાઓ મોટા બજેટની ફિલ્મો બનાવવામાં રસ દાખવશે. ગુજરાતી કલાકારો, દિગ્દર્શકો અને પ્રોડ્યુસર્સને યોગ્ય સન્માન તથા પ્લેટફોર્મ પૂરું પાડીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતી સિનેમાની નવી ઓળખ ઊભી કરવા માટે તેમણે મુખ્યમંત્રી સમક્ષ વિવિધ સૂચનો રજૂ કર્યા હતા.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**
સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.
નોટરીને લગતાં કામ માટે મળો
**અભિજીત જયંતકુમાર દવે**
મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# જામનગરમાં જૈન સમાજના સિદ્ધિવધુ કંઠાભરણ તપસ્વીઓની રથયાત્રા યોજાઈ






તસવીરઃ હિરેન ગાંધી

શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ દ્વારા સિદ્ધિવધુ કંઠાભરણ તપના તપસ્વીઓની રથયાત્રાનો વરઘોડો યોજાયો હતો. આચાર્યદેવ શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણાની પાવન નિશ્રામાં ધાર્મિક માહોલ વચ્ચે આ રથયાત્રા યોજાઈ હતી. શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ, જામનગરના આયોજન હેઠળ તા. ૧ સપ્ટેમ્બર, મંગળવારના રોજ સવારે ૭ વાગ્યે શ્રી શેઠજી દેરાસરેથી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. રથયાત્રામાં સિદ્ધિવધુ કંઠાભરણ તપના તપસ્વીઓ જોડાયા હતા. જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ તથા સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રથયાત્રા દરમિયાન ધાર્મિક ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ ઉપરાંત આ રથયાત્રાઅને નિહાળવા માટે પણ મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યાં હતાં.

# જામનગરમાં ફ્લાયઓવર પર જીવલેણ હુમલો કરનાર બે જેલહવાલે, ચાકી સમાજના પ્રમુખના હત્યારા માતા-પુત્રના રિમાન્ડની તજવીજ

## કોન્ટ્રાક્ટર પર ફોર્ચ્યુનર આડે મૂકી હુમલો કરનાર હાજી હમીર અને શિવરાજસિંહને કોર્ટે જેલમાં મોકલ્યા; બાળકોની રકઝકમાંથી પ્રમુખની હત્યા કરનાર આરોપીઓને કોર્ટમાં રજૂ કરવા તજવીજ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સાત રસ્તા સ્થિત નવા ફ્લાયઓવર બ્રિજ પર પૈસાની જૂની લેતીદેતીના પ્રશ્ને કોન્ટ્રાક્ટર પ્રકાશભાઈ ગોહીલ પર ફોચ્ર્યુનર કાર આડે મૂકી લોખંડના પાઈપ, છરી અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરવાના ચર્ચાસ્પદ બનાવમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ખૂનની કોશિશનો ગુનો નોંધાયા બાદ એલસીબી ટીમે દરોડો પાડી મસીતીયાના હાજી હમીર ખફી અને શંકરટેકરીના શિવરાજસિંહ ઉર્ફે શિવો જાડેજાની અટકાયત કરી હતી. બંને આરોપીઓને અદાલતમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેમને જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે.


તસવીરઃ હિરેન ગાંધી

બીજી તરફ, શહેરના સેતાવાડ વિસ્તારમાં ચાકી સમાજના પ્રમુખ ઇબ્રાહીમભાઈ સિદ્દીકભાઈ ચાકીની કરપીણ હત્યાના કેસમાં પણ પોલીસે આરોપી માતા-પુત્રની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગત ૨૯ ઓગસ્ટના રોજ શેરીમાં રમતા બાળકો પર મરચાની ભુક્કી ઉડાડવા બાબતે વિરોધ કરવા જતાં આરોપી હવાબેન ઘાચી સાથે બોલાચાલી થઈ હતી. જે દરમિયાન હવાબેનના કહેવાથી તેના પુત્ર અમન અસલમ ઘાચીએ ઇબ્રાહીમભાઈના માથામાં લાકડાનો ધોકો ફટકારી તેમની નિર્મમ હત્યા કરી નાખી હતી. મૃતકના પુત્ર સાદીકની ફરિયાદના આધારે સિટી એ ડિવિઝન પોલીસે

અનુ પાના નં.૨ પર

# જામજોધપુરના નંદાણા ગામે જુગાર દરોડોઃ સાત શખ્સો આબાદ ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**


જામજોધપુર તાલુકાના નંદાણા ગામમાં શેરીના ખુલ્લા પટમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા સાત શખ્સોને શેઠવડાળા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ. ૧૧,૩૫૦ તથા ગંજીપત્તાના ૫૨ પાનાં મળી કુલ રૂ. ૧૧,૩૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે નંદાણા ગામમાં કીરીટભાઈ કારાભાઈ કાંબરીયાના ઘર બહાર આ રેઈડ પાડવામાં આવી હતી. જેમાં અક્ષયભાઈ ત્રિભુવનભાઈ નિરંજની, મયુરભાઈ મનસુખભાઈ ગાલોરીયા, જયસુખભાઈ પુંજાભાઈ કાંબરીયા, વજશીભાઈ કારાભાઈ ગોજીયા, વિજયભાઈ કરશનભાઈ કાંબરીયા, કાનાભાઈ ગોવિંદભાઈ સોલંકી તથા ગોપાલભાઈ મારખીભાઈ બારીયા ઝડપાયા હતા.

આ અંગે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. સોલંકીના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ નવલભાઈ આસાણી, કોન્સ્ટેબલ વરજાંગભાઈ કટારા, અર્જુનભાઈ ડુવા તથા હિતેશભાઈ ડાભી સહિતના સ્ટાફે કરી હતી.

# શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારની સાંજે શિવાલયોમાં વિવિધ શણગાર દર્શન યોજાયા










તસવીરઃ હિરેન ગાંધી

શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારની સાંજે શહેરના શિવાલયોમાં વિવિધ શણગાર દર્શન યોજાયા હતાં. રોજ સેન્ટર બેંક રોડ ઉપર આવેલ પીપળેશ્વર મહાદેવ મંદિરમાં દ્રાક્ષ મહાદેવ તથા ૧૦૮ દીવાના તથા આકર્ષક ડેકોરેશન મંદિર માં શણગાર કરેલ તેમાં હેમાક્ષી ગિરનારી તથા ઇતિ ભટ્ટ તથા દિયાન ગિરનારી એ જેમત ઉઠાવેલ હતી. આ ઉપરાંત શહેરના ઈચ્છેશ્વર મહાદેવ, બેડેશ્વર મહાદેવ, જડેશ્વર મહાદેવ, ૐ કારેશ્વર મહાદેવ, કુબેર ભંડારી, નીલકંઠ મહાદેવ, સોમનાથ મહાદેવ, પ્રતાપેશ્વર મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યાં હતાં.

# નાગેશ્વર રોડ પર અકસ્માતમાં PGVCL કર્મચારીનું મોત

## ગ્રીન ડિવાઈડરના ઉંચા હાઈલાઈટર ફરી ચર્ચામાંઃ રોડની બંને તરફનો ટ્રાફીક દેખાતો જ નથી




**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના નાગેશ્વર રોડ પર સર્જાયેલા દર્દનાક અકસ્માતમાં ડ્રસ્ટ્રઈકના કર્મચારી દિપુભાઈ નાયાણીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજતાં માર્ગ સુરક્ષા અને તંત્રની બેદરકારી સામે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. લંચ બ્રેક દરમિયાન રસ્તો ઓળંગી રહેલા દિપુભાઈને પૂરઝડપે આવી રહેલા એક બાઈક ચાલકે જોરદાર અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમણે સ્થળ પર જ દમ તોડ્યો હતો. આ બનાવથી મૃતકના પરિવાર સહિત PGVCL સ્ટાફ અને સ્થાનિકોમાં અરેરાટી સાથે ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

અકસ્માતની આ ઘટના બાદ કોપાયમાન થયેલા સ્થાનિકોએ હાઈવે વચ્ચે આવેલા ગ્રીન ડિવાઈડર પર લગાવવામાં આવેલા અત્યંત ઊંચા હાઈલાઈટરો સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ડિવાઈડર પરના હાઈલાઈટરોની વધુ પડતી ઊંચાઈના કારણે સામેથી કે રોડની બીજી તરફથી આવતા વાહનો સમયસર દેખાતા નથી. દશ્યતા (વિઝિબિલિટી) અવરોધાતી હોવાના કારણે રોડ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં કચરો ફેંકવાના મુદ્દે પડોશી પરિવારો વચ્ચે બઘડાટી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ખોજાનાકા વિસ્તારમાં આવેલી રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં ઘરની બહાર કચરો ફેંકવા જેવી સ નજીવી બાબતે પાડોશીઓ સામસામે આવી જતાં તીવ્ર બોલાચાલી બાદ લોહિયાળ ધીંગાણું ખેલાયું હતું. એક પક્ષે લોખંડના પાઇપ વડે તો સામા પક્ષે લાકડાના ધોકાથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે. કચરાના મુદ્દે થયેલી આ મારામારીમાં મહિલાઓ સહિત બંને પક્ષના લોકો ઘવાતાં અંતે પોલીસ મથકમાં સામસામે ફરિયાદો નોંધાવા પામી છે.

પ્રથમ પક્ષે સિરિનબેન મહમદભાઈ હમીરાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ઘર પાસે પડેલો કચરો ઉપાડી લેવા બાબતે પાડોશી હનીફભાઈ સમાણીએ તેમની માતા રસીદાબેન સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન સિરિનબેન વચ્ચે પડતાં હનીફભાઈના પુત્ર મોસીને લોખંડના પાઇપ વડે હુમલો કરી સિરિનબેનને માથા તથા હાથમાં અને તેમની માતા રસીદાબેનને છાતી તથા હાથના ભાગે પાઇપના ઘા મારી ઈજાઓ પહોંચાડી હતી. આ ઝઘડામાં બાનુબેન સમાણીએ પણ ઢીકાપાટુનો માર માર્યાનો આક્ષેપ કરાયો છે. સામસામે બીજા પક્ષે મોસીનભાઈ હનીફભાઈ સમાણીએ નોંધાવેલી પલટાવિરોધી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેમના પિતાએ પાડોશમાં રહેતા રશીદાબેનને ઘર બહાર કચરો નહીં ફેંકવા કહેતાં રશીદાબેન અને તેમની પુત્રી સિરિનબેને ગાળો આપી ઝપાઝપી કરી હતી. આ સમયે મોસીનભાઈ વચ્ચે પડતાં સિરિનબેને લાકડાના ધોકા વડે તેમના માથામાં સણસણતો ઘા ઝીંકી દીધો હતો. માથાના ભાગેથી લોહી નીકળતી ગંભીર ઈજાઓ થતાં મોસીનભાઈને સારવાર અર્થે જી.જી.માં ખસેડવામાં આવ્યા છે.

# મનપાની ફૂડ શાખા દ્વારા અનેક સ્થળે તપાસમાં ૩૫૩ કિલો અખાદ્ય પદાર્થનો કરાયો નાશ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ શહેરીજનોના આરોગ્યની જાળવણી અર્થે ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં હોટેલ, રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનો અને રેકડીઓ પર વ્યાપક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગોકુલનગર, ખોડિયાર કોલોની, પટેલ કોલોની, બર્ધન ચોક, લાલવાડી, હાપા અને ગુલાબનગર સહિતના વિસ્તારોમાં આવેલી કુલ ૧૫૨ વેપારી પેઢીઓની આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન અનહાઈજેનિક કંડિશનમાં જણાતો આશરે ૩૫૩ કિલો વાસી ખાદ્ય જથ્થો, ૫ એક્સપાયરી ડેટ વાળા પેકેટ અને ૧૪૭ કિલો પ્રિન્ટેડ પસ્તીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન અસ્વચ્છતા અને વાસી ખોરાકના વેચાણ સહિતની અનહાઈજેનિક પ્રેક્ટિસ બદલ કુલ ૧૪ પેઢીઓને રૂ. ૨૨,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. ફૂડ શાખાની ટીમે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વાહન ચોરી કરતી ત્રિપુટી ઝડપાઈઃ સિટી સી ડિવિઝન પોલીસે ૫ મોટરસાયકલ સાથે ૧ શખ્સ અને ૨ કિશોરોને દબોચ્યા


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં વણઉકેલાયેલા ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સૂચના અન્વયે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોડ ટીમે સફળ કામગીરી કરીને વાહન ચોરીના ગુન્હાઓનો પર્દાફાશ કર્યો છે. સર્વેલન્સ ટીમે પેટ્રોલિંગ અને સીસીટીવી ફુટેજ તથા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી હ્યુમન અને ટેકનિકલ સોર્સ દ્વારા ચોરીમાં ગયેલા ત્રણ મોટરસાયકલ તેમજ અન્ય બે વાહનો મળી કુલ ૫ મોટરસાયકલ સાથે એક આરોપી અને બે કાયદાથી સંઘર્ષિત કિશોરોને પકડી પાડ્યા છે.

પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે દિગ્જામ સર્કલ પાસે ગણપતનગર નજીક બાવળની જાળીઓમાં કેટલાક ઇસમોએ ચોરાઉ મોટરસાયકલ સંતાડેલા છે અને તેના સ્પેરપાર્ટ્સ વેચવાની તથા વાહનો સગેવગે કરવાની ફિરાકમાં છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી ખેતીવાડી ફાટક પાસે બાવરીવાસમાં રહેતા સની જેસીંગભાઈ કોળી (બાવરી) નામના ૧૯ વર્ષીય યુવક તથા બે કાયદાથી સંઘર્ષિત કિશોરોને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ચોરીના ગુન્હા વાળા ત્રણ સ્પ્લેન્ડર મોટરસાયકલ તથા અન્ય બે મોટરસાયકલ મળી કુલ રૂ. ૭૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ ખાસ કરીને હેન્ડલ લોક કર્યા વગરના મોટરસાયકલને ડાયરેક્ટ કરીને ચોરી કરવાની ટેવ ધરાવતા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ સફળ કામગીરી સિટી સી ડિવિઝનના પી.આઈ. એચ.વી. રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે પાર પાડી હતી.

# દ્વારકામાં જમીન બાબતે કૌટુંબિક શખ્સો દ્વારા હુમલો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ભથાણ ચોક વિસ્તારમાં રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા હરજીભાઈ દેવશીભાઈ નકુમ નામના ૪૮ વર્ષના સતવારા યુવાન સાથે બોલાચાલી કરી, આ જ વિસ્તારમાં રહેતા પરસોતમ ગોવિંદભાઈ નકુમ અને વાલજી ગોવિંદભાઈ નકુમ નામના બે બંધુઓ દ્વારા ફરિયાદી હરજીભાઈ તથા તેમના પત્ની અને પુત્રને બિભત્સ ગાળો કાઢી, લોખંડના પાઈપ તથા લાકડાના ધોકા વડે બેફામ માર મારીને ઈજાઓ કર્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ફરિયાદીની વડીલોપાજીર્ત જમીનના જે-તે વખતે વડીલોએ ભાગ પાડી દીધા હતા. હાલ ફરિયાદીની જમીનની કિંમત વધી ગયેલી હોય, જેથી આરોપીઓએ ફરિયાદી હરજીભાઈને તેમની જમીનમાંથી પાંચ વીઘા જમીન આપવાનું કહ્યું હતું.

# જામનગરમાં લોકમેળાની રાઈડના સંચાલકોને ફાયર બ્રિગેડ દ્વારા ખાસ તાલીમ

## રાઈડમાં યાંત્રિક ખામી સર્જાય કે આગ લાગે તો બચાવ કામગીરી અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન અપાયુંઃ લોકમેળાની તૈયારી વચ્ચે યાંત્રિક રાઇડોનું ફીટનેશ ચેકીંગઃ પોલીસની પણ તપાસ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન શ્રાવણી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં મોટી મશીન મનોરંજનની રાઈડો, જાયન્ટ વ્હીલ, નાવડી સહિતની ઊંચાઈવાળી તેમજ બાળકો માટેની વિવિધ રાઈડો લગાવવામાં આવી છે. મેળા દરમિયાન મોટી સંખ્યામાં ઉમટી પડનારા મુલાકાતીઓની સુરક્ષા અને સલામતીને પ્રાથમિકતા આપીને મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખા દ્વારા રાઈડ સંચાલકો, કર્મચારીઓ અને મેળાના વ્યવસ્થાપકો માટે એક ખાસ ઈમરજન્સી અને બચાવ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન કોઈ રાઈડમાં યાંત્રિક ખામી સર્જાય અને તે અચાનક ઊભી રહી જતાં લોકો ઊંચાઈ પર ફસાઈ જાય, ત્યારે તેમને સલામત રીતે નીચે ઉતારવાની પદ્ધતિઓ અંગે ફાયર બ્રિગેડની ટાવર લેડર ટીમ દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાઈડ્સમાં શોર્ટ સર્કિટ કે વીજળી સંબંધિત અકસ્માત સર્જાય અથવા આગ લાગે ત્યારે અગ્નિશામક બાટલા (ફાયર એક્સટિંગ્વિશર)નો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો, લોકોને ઘટનાસ્થળથી દૂર રાખીને તાત્કાલિક પ્રાથમિક બચાવ કામગીરી કેવી રીતે હાથ ધરવી તેની વ્યવહારુ સમજ પણ આપવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમમાં જામનગર મનપાના ડેપ્યુટી ફાયર ઓફિસર જસ્મિન ભેંસદડીયા, ફાયર સ્ટેશન ઓફિસર ઉમેશ ગામેતી, ઉપેન્દ્ર સુમડ સહિતના અધિકારીઓ અને ફાયર જવાનો ઉપસ્થિત રહ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે તમામ આયોજકો અને રાઈડ સંચાલકોને આકસ્મિક પરિસ્થિતિમાં ગભરાયા વિના તાત્કાલિક અને સલામત રીતે કામગીરી કરવા અંગે પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું. શ્રાવણી મેળામાં આવતા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થાય અને કોઈ અનિચ્છનીય ઘટના સમયે ત્વરિત રાહત-બચાવ શક્ય બને તે હેતુથી આ સઘન કામગીરી કરવામાં આવી હતી.

જામનગરના પરંપરાગત લોકમેળાની શરૂઆતને હવે ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે મેળાને લઈ પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું છે. શહેર ડીવાયએસપીની આગેવાનીમાં પોલીસે સ્થળ મુલાકાત લીધી હતી. લોકમેળા દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોવાથી સુરક્ષા, ભીડ નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થાને લઈને પોલીસ દ્વારા આગોતરું આયોજન શરૂ કરી સબંધિત સ્ટાફને માહિતી અપાઈ હતી.

જામનગર શહેર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાની આગેવાની હેઠળ પોલીસ કાફલા સાથે લોકમેળાના સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સિટી- એ ડિવિઝન પીઆઈ, સિટી બી ડિવિઝન અને ટ્રાફિક પીઆઈ સહિતના પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસ અધિકારીઓએ મેળાના સ્થળે સુરક્ષા વ્યવસ્થા, લોકોની અવરજવર તેમજ વાહન વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. મેળા દરમિયાન ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય અને વાહનોના કારણે અવ્યવસ્થા સર્જાય નહીં તે માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકોની ભીડને ધ્યાનમાં રાખીને પોલીસ બંદોબસ્ત વધુ મજબૂત બનાવવા તેમજ સંભવિત સમસ્યાઓને અટકાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

લોકમેળો શાંતિપૂર્ણ અને સલામત રીતે યોજાય તે માટે પોલીસ મેદાને ઉતરી છે. લોકમેળો શરૂ થાય તે પહેલા લાગેલી રાઇડોનું યાંત્રિક વિભાગની ટીમ દ્વારા ફીટનેશ અંગે ચેકીંગ કરવામાં આવ્યું હતું.

## જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે લોકમેળાની સરપ્રાઈઝ મુલાકાતે પહોંચ્યા મનપા કમિશનરઃ મેળો વહેલાસર શરૂ થાય તે માટે પ્રયાસો તેજ



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આયોજિત લોકમેળાની જામનગર મહાનગરપાલિકાના કમિશનર દિપેશ કેડિયાએ કમિશનર સર્કલ, ડીએમસી અને એએમસી સહિતના ઉચ્ચ અધિકારીઓના કાફલા સાથે સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. રાઈડ્સના લાયસન્સ અને કાનૂની વિવાદના કારણે આજે મેળો શરૂ થવા સામે વિઘ્ન ઊભું થયું છે, ત્યારે મનપા કમિશનર દિપેશ કેડિયાએ જણાવ્યું હતું કે તમામ કાયદાકીય અને સુરક્ષાના નિયમોનું પાલન કરીને મેળો શક્ય એટલો વહેલાસર શરૂ થાય તે માટે મહાનગરપાલિકાનું તંત્ર સતત પ્રયત્નશીલ છે.

# લોકમેળો લુંટ મેળો ન બને તેની ખાસ તકેદારી રાખવા અધિકારીઓને તાકિદ કરતા ચેરમેન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આયોજિત સાતમ-આઠમના જન્માષ્ટમી મેળામાં જનતા માટે તમામ પ્રકારની સુવિધાઓ અને સુરક્ષાની આકરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભૂતકાળમાં મેળામાં વિવિધ સેવાઓ અને રાઈડ્સના નામે 'લૂંટનો મેળો' બનતો હોવાની ઉઠેલી વ્યાપક ફરિયાદોને ધ્યાને લઈ, આ વર્ષે નિયત ભાવ બાંધણાં કરતાં વધુ રૂપિયા વસૂલનાર સંચાલકો સામે કડક તપાસ કરી દંડાત્મક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચના અધિકારીઓને આપવામાં આવી છે. મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણીએ મેળાની મુલાકાત લઈ આ અંગે રાઈડ સંચાલકો સાથે સીધી વાતચીત કરી તકેદારી રાખવા આદેશ આપ્યા હતા.

મેળા દરમિયાન મુલાકાતીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં મનપા દ્વારા રૂ. ૫ કરોડનું ખાસ વીમા કવચ લેવામાં આવ્યું છે, તેમજ રાઈડ સંચાલકોએ પણ અકસ્માત સામે અલગથી વીમો મેળવ્યો છે. સુરક્ષા વ્યવસ્થા સુદઢ બનાવવા માટે પોલીસ વિભાગ માટે અલગ ટેન્ટ, ઊંચા વોચ ટાવર અને સમગ્ર મેળા પરિસરમાં સીસીટીવી કેમેરાનું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. આ ઉપરાંત, આકસ્મિક તબીબી સહાય માટે આરોગ્ય વિભાગનો ખાસ ટેન્ટ અને કોઈ અનિચ્છનીય ઘટના સમયે ત્વરિત રેસ્ક્યુ હાથ ધરી શકાય તે માટે ફાયર બ્રિગેડની ટીમ પણ ખડેપગે તૈનાત રાખવામાં આવી છે.

મેળામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે દિવસ દરમિયાન નિયમિત સફાઈ ઉપરાંત, રાત્રે મેળો પૂર્ણ થયા બાદ વધારાના સફાઈ કામદારો મુકીને સમગ્ર ગ્રાઉન્ડની સઘન સફાઈ હાથ ધરવાનું આયોજન કરાયું છે. મનપા શાસકો અને તંત્ર દ્વારા મેળો સુચારુ, સલામત અને નાગરિકો માટે આનંદદાયક બની રહે તે માટે આરોગ્ય, સુરક્ષા અને સ્વચ્છતા સહિત તમામ પાસાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# જામનગર જિલ્લામાં પાંચ મહિલા સહિત ૩૭ શખ્સો જુગાર રમતા ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર તેમજ જિલ્લામાં પોલીસે જુગારધામો પર દરોડાની કડક ઝુંબેશ ચલાવીને સાત અલગ-અલગ સ્થળોએથી પાંચ મહિલાઓ સહિત કુલ ૩૭ જુગારીઓને રોકડ રકમ સાથે પકડી પાડ્યા છે. સિટી બી ડિવિઝન, પંચકોષી એ ડિવિઝન, જામજોધપુર અને મેઘપર પોલીસની ટીમોએ પાડેલા આ દરોડામાં કુલ રૂ. ૯૧ હજારથી વધુની રોકડ કબજે કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન નાની લાખાણી ગામેથી ચાર શખ્સો નાસી જવામાં સફળ રહ્યા હતા, જેથી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

શહેરના રામેશ્વરનગર વિસ્તારમાંથી સિટી બી ડિવિઝન પોલીસે જાહેરમાં ગંજીપત્તાનો જુગાર રમતાં જાગૃતિબેન જાદવ, મીનાબેન મારુ, હેતલબેન જાડેજા, ચેતનબેન ડોડિયા, જયશ્રીબા રાણા અને મુકેશભાઈ ગોરી નામના છ આરોપીઓને રૂ. ૧૬,૬૬૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. આ ઉપરાંત પંચકોષી એ ડિવિઝન પોલીસે હાપાના ખારી વિસ્તારમાંથી રાજેશભાઈ બેરડિયા, પ્રશાંતભાઈ રણોલિયા, કારીબેન સાલાણી અને ગીતાબેન ઝીંઝુવાડિયાને રૂ. ૪,૮૪૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જામજોધપુર પોલીસે હોથીજી ખડબા ગામે વડલાના ઝાડ નીચે જુગાર રમતા આનંદભાઈ ડાંગર, દિવ્યેશભાઈ બારડ, સુરેશભાઈ ડાંગર, કમલેશપરી ગોસ્વામી અને મહેશભાઈ કરંગિયાને રૂ. ૧૦,૫૪૦ સાથે દબોચ્યા હતા.

મેઘપર પોલીસે મોડપર ગામની વાડીમાંથી જેશાભાઈ વરુ, વેજાણંદ આંબલિયા, સાજણભાઈ કનારા, સંદીપ તરાવિયા, ભીખુભાઈ ગોજિયા અને હમીરભાઈ કેસરિયાને રૂ. ૨૭,૬૧૦ની રોકડ સાથે પકડ્યા હતા. આ જ પોલીસે કાનાલુસ ગામેથી શબીર સાટી, કરીમ જીનાણી, પ્રવીણપરી ગુસાઈ, સાગર ચૌહાણ, ધર્મેન્દ્રભાઈ કચ્છવા અને સોકત જીનાણીને રૂ. ૧૧,૧૬૦ની રોકડ સાથે ઝડપ્યા હતા. નાની લાખાણી ગામે પંચકોષી એ ડિવિઝન પોલીસે મનદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને હર્ષદીપસિંહ ઝાલાને રૂ. ૧૦,૧૫૦ સાથે પકડ્યા હતા,

અનુ પાના નં.૨ પર

## યાત્રાધામ દ્વારકામાં ભાવિકોમાં જબરો ઉત્સાહઃ જગતમંદિર કલાત્મક રોશનીથી ઝળહળ્યું

# દ્વારકાધીશ રાજાધિરાજના ૫૨૫૩માં જન્મ વધામણા માટે તડામાર તૈયારીઓ

## જન્માષ્ટમીના દિવસે શ્રીજીના દર્શન સમયમાં ફેરફારઃ જન્માષ્ટમીના બીજા દિવસે શનિવારે શ્રીજીના પારણા ઉત્સવની ઉજવણી કરાશેઃ દ્વારકામાં લાખો ભાવિકો ઉમટી પડશે


**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં આગામી તા. ૪ સપ્ટેમ્બરના રોજ ભગવાન શ્રીકૃષ્ણના પરમ પાવન જન્મોત્સવની ઉજવણીને લઈને તંત્ર અને દ્વારકાધીશ મંદિર વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જગતમંદિરને રિલાયન્સના સહયોગથી મુંબઈના જેમિની ગ્રુપ દ્વારા આકર્ષક અને કલાત્મક રોશનીથી શણગારવામાં આવ્યું છે. જન્માષ્ટમીના પર્વને અનુલક્ષીને શ્રીજીના દર્શન અને સેવા-પૂજાના સમયમાં ખાસ ફેરફાર કરવામાં આવ્યો છે, જે મુજબ જન્માષ્ટમીના દિવસે સવારે ૬:૦૦ વાગ્યે મંગલા આરતી બાદ સવારે ૮:૦૦ વાગ્યાથી ખુલ્લા પડદે સ્નાન તથા અભિષેક પૂજનના દર્શન થશે.

દ્વારકાધીશ મંદિરમાં જન્માષ્ટમીના દિવસે બપોરે ૧:૦૦ થી સાંજે ૫:૦૦ અને રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી અનોસર દરમિયાન દર્શન બંધ રહેશે. મધ્યરાત્રિએ ૧૨:૦૦ કલાકે કાનુડાના પ્રાગટ્ય સાથે જન્મોત્સવ આરતી યોજાશે

અનુ પાના નં.૨ પર





# સોના-ચાંદીના દાગીના સાફ કરવાના બહાને છેતરપિંડી આચરતી બિહારી ગેંગના ચાર ખંભાળીયામાંથી ઝડપાયા

## દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસની કાર્યવાહીઃ ટોળકી રાજકોટ રહી ફિનાઈલ વેંચવાનો ધંધો કરતી હતી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ફિનાઈલ વેચવાના અને મૂર્તિઓ કે દાગીના સાફ કરી આપવાના બહાને સદગૃહસ્થો અને મહિલાઓને વિશ્વાસમાં લઈ સોનું કાઢી લેતી બિહારની ચીટર ગેંગનો એલ.સી.બી. પોલીસે પર્દાફાશ કર્યો છે. કલ્યાણપુર તાલુકાના લાંબા અને રાવલ વિસ્તારમાં મહિલાઓને જાળમાં ફસાવી કેમિકલ તથા એસિડની પ્રક્રિયા મારફતે સોના-ચાંદીના દાગીનામાંથી સોનું સરી પાડવાની ફરિયાદો નોંધાઈ હતી. જેને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચનાથી એલસીબી પીઆઈ એન.એચ. જોષી તથા ટીમ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

ચોક્કસ વર્કઆઉટ અને હ્યુમન સોર્સીસની બાતમીના આધારે એલસીબીની ટીમે ખંભાળિયાના મિલન ચાર રસ્તા પાસે આવેલા એક મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી મૂળ બિહારના



અને હાલ રાજકોટ રહી ફિનાઈલ તથા દાગીના સાફ કરવાનું કામ કરતા સુબોધસિંગ ખારવા, વિકાસકુમાર ઠાકોર, સંતોષકુમારસિંહ કુસ્વા અને અનિરુદ્ધ ઠાકુર નામના ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસને મકાનમાંથી સોના-ચાંદીના ઢાળિયા, મોબાઈલ, મોટરસાયકલ તેમજ છેતરપિંડીમાં ઉપયોગમાં લેવાયેલું એસિડ, ફિનાઈલ, ફટકડી, બ્રશ અને પાવડર સહિત કુલ રૂ. ૮૯,૦૦૦નો મુદ્દામાલ મળી આવતાં તે કબજે કરી આરોપીઓને આગળની કાર્યવાહી અર્થે ખંભાળિયા પોલીસને સોંપાયા છે. આરોપીઓની પૂછતાછમાં ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી બહાર આવી છે. તેઓ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના એવા ઘરોને ટાર્ગેટ કરતા હતા જ્યાં વૃદ્ધ મહિલાઓ એકલી હોય અને પુરુષો ગેરહાજર હોય. પ્રથમ ફિનાઈલ વેચવાના બહાને ઘરમાં પ્રવેશી, ભગવાનની મૂર્તિઓ મફતમાં સાફ કરી

અનુ પાના નં.૨ પર

# ધુતારપર ગામે ૧.૬૫ લાખની ઘરફોડ ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ધુતારપર ગામે રહેતા મનજીભાઈ વાઘેલા તા.૩૦ ઓગસ્ટે બપોરે ખીલોસ ગામે સગાઈના પ્રસંગે ગયા હતા અને રાત્રે આશરે ૮ વાગ્યે ઘરે પરત ફર્યા હતા. રાત્રિભોજન બાદ તેઓ પોતાના રૂમમાં દરવાજા પાસે ખાટલો રાખીને સૂઈ ગયા હતા, જ્યારે તેમની પત્ની અને પુત્રી બહાર સૂતા હતા.

દરમિયાન મોડી રાત્રે આશરે બે વાગ્યાના અરસામાં મનજીભાઈને ખાટલા નીચેથી અવાજ સંભળાતા તેમની ઊંઘ ઉડી ગઈ હતી. જાગીને જોતા રૂમમાં એક અજાણ્યો શખ્સ રોકડ રકમ ભરેલી પતરાની પેટી લઈને ભાગતો નજરે પડ્યો હતો. મનજીભાઈએ બૂમાબૂમ કરતા પત્ની અને પુત્રી પણ જાગી ગયા હતા અને ચોરની પાછળ દોડ્યા હતા. ઘરથી થોડે દૂર પહોંચતા મનજીભાઈ અંધારામાં નીચે પડી ગયા હતા, જેનો લાભ લઈ અજાણ્યો શખ્સ પેટી સાથે ફરાર થઈ ગયો હતો. પેટીમાં આશરે રૂ.૧,૬૫,૦૦૦ની રોકડ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવ અંગે મનજીભાઈ વાઘેલાએ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુર પંથકમાંથી કોપર કેબલની ચોરી પ્રકરણમા સાત શખ્સોને ઉપાડતી પોલીસ

## ભાટીયા નજીકથી પકડાયેલી ટોળકી પાસેથી ૫.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ગાગા ગામ નજીક આવેલી એક ખાનગી કંપનીના સોલાર પ્લાન્ટમાંથી થોડા દિવસો પૂર્વે કોઈ અજાણ્યા તસ્કરે આશરે ૧૦૦૦ મીટર જેટલા કોપર કેબલની ચોરી કર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આને અનુલક્ષીને ભાટિયા ગામના રહીશ રામભાઈ ધરણાંતભાઈ ચાવડા (ઉ.વ. ૨૬) ની ફરિયાદ પરથી રૂપિયા ૧,૬૫,૦૦૦ ની કિંમતના કોપર કેબલની ચોરી થવા સબબ કલ્યાણપુર પોલીસે અજાણ્યા શખ્સો સામે બી.એન.એસ.ની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી હતી.

આ પ્રકરણમાં કલ્યાણપુર પોલીસ મથકના પી.આઈ. આર.એન. હાથલીયાના વડપણ હેઠળ પી.એસ.આઈ. કે.પી. ઝાલા તથા કરસનભાઈ ચેતરીયા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ઉપરોક્ત ચોરી પ્રકરણમાં સંડોવાયેલા મનોજ ઉર્ફે લાલો વલ્લભભાઈ ચોરાસી (રહે. ભાટીયા), જીતુ વલ્લભભાઈ ચોરાસી, રવી દેવજીભાઈ એદરીયા, દિલીપ વલ્લભભાઈ ચોરાસી,





રમેશ અરજણભાઈ ચૌહાણ, નાથા હીરાભાઈ ચૌહાણ અને રાજુ કારાભાઈ રાઠોડ નામના સાત શખ્સોને ભાટીયા ગામ નજીકના બાયપાસ હાઈવે પાસેથી દબોચી લીધા હતા. ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે

અનુ પાના નં.૨ પર

# જામજોધપુરની શિવમ સોસાયટીમાં જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરના બાલવા ફાટક પાસે શિવમ સોસાયટીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે ગતરાતે દરોડો પાડયો હતો. જેમાં ગંજીપાનાથી તીનપતીનો જુગાર રમતા નવઘણભાઈ પેથાભાઈ આસાણી, દલસુખભાઈ જેસાભાઈ સંધીયા, ખેરાજભાઈ ગીગાભાઈ મુન, શામળાભાઈ કાચાભાઈ સંધીયા, ખોડીદાસભાઈ રામદાસ મકવાણા, માલદેભાઈ કાળુભાઈ ભાન, જેસાભાઈ ડાડાભાઈ સંધીયા અને મોમૈયાભાઈ જીવાભાઈ આસાણી એમ કુલ આઠ શખ્સોને રૂા.૧૦૭૪૦ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા.

જામજોધપુર તાલુકાના ભેરીયાની ભીત વાડી વિસ્તારમાં ટોર્ચના અજવાળે ગતરાત્રે જુગાર રમાતો હોવાની બાતમી પરથી જામજોધપુર પોલીસે દરોડો પાડયો હતો અને ગંજીપાનાથી તીનપતીનો જુગાર રમતા જીતેન્દ્ર અમરાભાઈ વીંઝુડા, સુનીલ બટુકભાઈ બગડા, દેવશીભાઈ સુકાભાઈ ઓડેદરા, રાજુભાઈ પરબતભાઈ ગોરાણીયા, મુળુભાઈ પોલાભાઈ ઓડેદરા અને અરશીભાઈ રણમલભાઈ સીસોદીયાને રૂા.૨૨૫૦૦ની રોકડ સાથે પોલીસે ઝડપી પાડયા હતા.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com